# ગોકુલગ્લોબલયુનિવર્સિટી

## સિદ્ધપુર-૩૮૪૧૫૧

## પરિપત્ર

જા.નં.રજી/પરિક્ષા/૪૦૭/૨૦૨૧ તા. ૦૭/૦૭/૨૦૨૧

વિષય : કોલેજ/યુનિવર્સિટી ટ્રાન્સફર માટે ના નિયમો

ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી કાર્યરત થયેલ છે, ગુજરાતની અન્ય યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમના કૌટુંબીક તેમજ અન્ય કારણોસર આપણી યુનિવર્સિટીમાં ટ્રાન્સફર થઇ પ્રવેશ મેળવવા રજૂઆત કરતા હોય છે, આ પ્રકારના કોલેજ/ યુનિવર્સિટી ટ્રાન્સફર આપવા માટે નીચે દર્શાવેલ નિયમો ધ્યાને લેવાના રહેશે.

1. આપણી યુનિવર્સિટીના ૨ વર્ષના/3 વર્ષના કોર્ષમાં કોલેજ/ યુનિવર્સિટી ટ્રાન્સફર થઈને આવનાર વિદ્યાર્થીએ તેની પ્રથમ સંબંધીત યુનિવર્સિટીમાં એક વર્ષ પૂર્ણ એટલેકે બે સેમેસ્ટર પાસ કરેલ હશે, તેવાજ વિદ્યાર્થી ટ્રાન્સફર માટે લાયક ગણાશે, પ્રથમ કે બીજા સેમેસ્ટરમાં કોઈપણ વિષયમાં નાપાસ (A.T.K.T) હશે તો લાયક ગણાશે નહિ, તેમજ આપણી યુનિવર્સિટીના ૪ વર્ષના કોર્ષમાં કોલેજ/ યુનિવર્સિટી ટ્રાન્સફર થઈને આવનાર વિદ્યાર્થીએ તેની પ્રથમ સંબંધીત યુનિવર્સિટીમાં ઓછામાં ઓછા બે સેમેસ્ટર પાસ કરેલ હશે, તેવાજ વિદ્યાર્થી ટ્રાન્સફર માટે લાયક ગણાશે, કોઈપણ વિષયમાં નાપાસ (A.T.K.T) હશે તો લાયક ગણાશે નહિ. વધુમાં જણાવવાનું 2 વર્ષના / 3 વર્ષના કોર્ષ માં વિદ્યાર્થી ની ટ્રાન્સફર ત્રીજા સેમેસ્ટર માં થઇ શકશે તથા ૪ વર્ષના કોર્ષમાં વિદ્યાર્થી ની ટ્રાન્સફર ત્રીજા અને / અથવા પાંચમા સેમેસ્ટર માં થઇ શકશે.
2. ટ્રાન્સફર વિદ્યાર્થી-ની પેરેન્ટ યુનિવર્સીટીનો સિલેબસ તથા આપણી યુનિવર્સીટી-નો સિલેબસ ૫૧ % (ટકા) અથવા તેનાથી વધુ મળતો (Equivalent) હોવો જોઈએ.
3. કોલેજ/ યુનિવર્સિટી ટ્રાન્સફરથી આવનાર વિદ્યાર્થીઓના **Previous Academic Records** જેમાં Course/Subject No,Title અને Cradit આપણી યુનિવર્સિટીના Syllabus પ્રમાણે હશે તેમજ પ્રવેશક્ષમતાને ધ્યાને લઇ ટ્રાન્સફર માટે લાયક ગણવાના રહેશે, આ કામગીરી સંબંધીત ડીન, હેડ-ઓફ ધી ડીપાર્ટમેન્ટ તેમજ સીનીયર પ્રાધ્યાપકશ્રીની કમીટીએ કરવાની રહેશે, તેમજ સદર કામગીરીનો રિપોર્ટ નાયબ કુલસચિવ (એકેડેમીક) ને આપવાનો રહેશે, નાયબ કુલસચિવ (એકેડેમીક) કમીટીનો રીપોર્ટ ધ્યાને લઇ **(Equivalency)** યોગ્યતા તપાસીને કુલસચિવશ્રીને કોલેજ/યુનિવર્સિટી ટ્રાન્સફર માટે ભલામણ કરશે, જે ધ્યાને લઇ ટ્રાન્સફર માટે કાર્યાલય આદેશ જારી કરવામાં આવશે.

P.T.O

Scanned with CamScanner

4. કોલેજ/ યુનિવર્સિટી ટ્રાન્સફર થઈને આપણી યુનિવર્સિટીમાં જે વિદ્યાર્થી આવે તેની પરીક્ષાનું પરિણામ C.G.P.A / C.P.I ડિગ્રી અને ક્લાસ એનાયત કરવા માટે આપણી યુનિવર્સિટીના સંબંધીત વિદ્યાશાખાના એકેડેમીક નિયમમાં કરેલ જોગવાઈ ધ્યાને લેવાની રહેશે. વધુમાં ખાસ જણાવવાનું કે પેરેન્ટ યુનિવર્સીટીમાં અભ્યાસ કરેલ વિદ્યાર્થીનું Previous Academic Performance અંતિમ વર્ષના પરિણામ જાહેર કરતી વખતે ગણતરીમાં લેવામાં આવશે નહિ.
5. વધુમાં સ્પષ્ટતા કરવાનીકે કોલેજ/ યુનિવર્સિટી ટ્રાન્સફર થઈને આપણી યુનિવર્સિટીમાં જે વિદ્યાર્થી આવે, તે પહેલાના જે સેમેસ્ટરમાં અભ્યાસ કરેલ હોય તેમાં આપણી યુનિવર્સિટીના Syllabus પ્રમાણે વિષયોનો સમાવેશ થયેલ ન હોય તો ટ્રાન્સફર માટે લાયક ગણાશે, પરંતુ જે વિષયો બાકી હશે તે મહત્તમ બે પ્રયત્નમાં પાસ કરવાનો રહેશે, તેમજ આ પ્રકારના કિસ્સામાં માર્કશીટ આપણી યુનિવર્સિટી ધ્વારા અલગથી આપવામાં આવશે.
6. કોલેજ/ યુનિવર્સિટી ટ્રાન્સફર થઈને આપણી યુનિવર્સિટીમાં આવનાર વિદ્યાર્થી પદવીદાન સમારંભમાં ગોલ્ડમેડલ/સિલ્વર પ્લેટેડ ગોલ્ડ મેડલ કે કેશ પ્રાઈઝ માટે લાયક ગણવાનો રહેશે નહિ.

આ પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી યુનિવર્સિટીના કામકાજના હિતમાં કરવામાં આવે છે, જેનો અમલ શૈક્ષણીક વર્ષ ૨૦૨૧-૨૨થી કરવાનો રહેશે.

Gokul Global University
विद्या अनंतम्
Sidhpur - 384151

(ડો. હિમ્મતસિંહ રાજપૂત)
કુલસચિવ

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ**

૧. આચાર્યશ્રી (તમામ) ........................................................................ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી, સિદ્ધપુર.
૨. નાયબ કુલસચિવ (એકેડેમીક), ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી, સિદ્ધપુર.
3.સ્ટુડન્ટ સેક્શન, ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી, સિદ્ધપુર.
૪. આઈ ટી વિભાગ, ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી, સિદ્ધપુર.
૫. સંશોધન નિયામકશ્રી, ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી, સિદ્ધપુર.

Scanned with CamScanner